# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

## બુધવાર, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ (પ્રથમ બેઠક)

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ:** [કૃષિ - પશુપાલન - ગૌ-સંવર્ધન - આદિજાતિ વિકાસ - મત્સ્યોદ્યોગ - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ ].

**કુલ પ્રશ્નો 73**

----

### સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ દવાખાનાઓનું મહેકમ

15/4/1654 *1 **શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર (દસાડા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે..

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે ?

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

----

### રબારી, ભરવાડ અને ચારણ જાતિના લોકોને જાતિના પ્રમાણપત્રો આપવા બાબત

15/4/2343 *2 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ જાતિના પરીવારોને તા.૨૯-૧૦-૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા તા.૪/૮/૨૦૨૦ના રોજ કમિટીની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કમિટીની મુદત કેટલા સમયની છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીમાં સભ્યો કોણ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીએ કેટલા કુટુંબો અને વારસદારો નક્કી કર્યા ?

----

## નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/4/1747 *3 **શ્રી આર.સી.પટેલ (જલાલપોર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(2) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી

15/4/1764 *4 **શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા (જેતપુર(એસ.ટી.)):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## બાગાયતી પાકોને વીમા કવચ હેઠળ આવરી લેવા બાબત

15/4/2369 *5 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં થતા કયા બાગાયતી પાકોને વીમા કવચ હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં થતા બાગાયતી પાકોને વીમા કવચ હેઠળ આવરી લેવામાં ન આવેલ હોય તો તેના કારણો શાં છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ગ્રેડીંગ યુનિટ સહાય યોજના

15/4/1850 *6 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ગ્રેડીંગ યુનિટ સહાય યોજના હેઠળ કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને કેટલી સહાય અપાઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે?

----

## બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટબ ખરીદી માટે સહાય

15/4/2344 *7 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યના ખેડૂતોને ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર(ટબ)ની ખરીદી માટે સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૧-૨૨થી અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૩) ઉક્ત મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

----

## રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોની ભરતી

15/4/2350 *8 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારો કેટલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટેટ અને ટાટ પાસ કેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી ઉમેદવારોની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

----

## રાજ્યની એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણુંક

15/4/2373 *9 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ કઈ એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણુંક થયેલ છે અને કઈ યુનિવર્સિટીઓમાં બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ લોકપાલની નિમણુંક ન થતાં રાજ્યની કઈ યુનિવર્સિટીને યુજીસી દ્વારા ડિફોલ્ટર જાહેર કરવામાં આવી, અને

(3) ઉક્ત બાકી યુનિવર્સિટીઓમાં ક્યાં સુધીમાં લોકપાલની નિમણુંક કરવામાં આવશે ?

----

## દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી

15/4/1766 *10 **શ્રી મહેન્દ્રભાઈ રમેશભાઈ ભાભોર (ગરબાડા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના લાભાર્થી

15/4/1758 *11 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(2) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## રાજ્યમાં બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો

15/4/1751 *12 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર (ઉત્તર)):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ- ૨૦૨૩-૨૪થી બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વર્ગ વધારાની કેટલી દરખાસ્તો મળી, અને

(૨) તે પૈકી કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વર્ગ વધારાની મંજૂરી આપવામાં આવી?

----

## આણંદ જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન

15/4/1773 *13 **શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ (પેટલાદ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) કુલ કેટલા પશુપાલકોએ ઉક્ત શિબિરોનો લાભ લીધો?

----

## અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ માટેની વિશ્લેષણ સમિતિ

15/4/2358 *14 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ માટેની કેટલી વિશ્લેષણ સમિતિઓ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી વિશ્લેષણ સમિતિના અધ્યક્ષની જગ્યા ક્યારથી ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

----

## છોટાઉદેપુર જીલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોએને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ બાબત

15/4/2048 *15 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ આપવા માટે તાલુકાવાર શાળાદીઠ કેટલી અરજીઓ સરકારને મળી ?

(૨) તે પૈકી કેટલા બાળકોને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિની રકમ ચૂકવવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકોની કેટલી પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિની રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં ચૂકવવાનું આયોજન છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી

15/4/1777 *16 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળામાં લાયકાત વિનાના શિક્ષકો

15/4/2381 *17 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની ખાનગી પ્રાથમિક શાળાઓમાં માન્ય લાયકાત વિનાના શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં કેટલા લાયકાત વિનાના શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોને ક્યાં સુધીમાં દુર કરવામાં આવશે?

----

## કચ્છ જિલ્લાની સરકારી શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતી

15/4/1655 *18 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાની સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલા જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી,અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં તાલુકાવાર કુલ કેટલા જ્ઞાન સહાયકો ફરજ બજાવે છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં સરકારી છાત્રાલયો બનાવવા બાબત

15/4/1950 *19 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલા સરકારી છાત્રાલયો ભાડાના મકાનમાં ચાલે છે ?

(૨) ઉક્ત જિલ્લામાં કેટલા સરકારી છાત્રાલયોના મકાનો જર્જરિત હાલતમાં છે, અને

(૨) ઉક્ત જર્જરિત મકાનોના નવીન મકાન બાંધકામ અંગેની કાર્યવાહી ક્યાં તબક્કામાં છે ?

----

## બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય

15/4/1744 *20 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ઉક્ત યોજના અંતર્ગત કેટલી અનુસૂચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

## રાજ્યમાં બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને ક્રમિક વર્ગની મંજૂરી

15/4/1749 *21 **શ્રી અમુલ ભટ્ટ (મણીનગર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ક્રમિક વર્ગની કેટલી દરખાસ્તો મળી, અને

(૨) તે પૈકી કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ક્રમિક વર્ગની મંજૂરી આપવામાં આવી?

----

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશ એક્ટ હેઠળ ગેરકાયદે ચૂકવણી

15/4/2363 *22 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળા કે બોગસ પ્રાથમિક શાળાને રેકર્ડ

આધારીત શાળા બતાવીને રાઈટ ટુ એજ્યુકેશ એક્ટ - ૨૦૦૯ના પૈસા ગેરકાયદે રીતે વસુલતી હોવાથી પકડવામાં આવી તે હકીક્ત સાચી છે,

(૨) ઉક્ત વર્ષવાર કોને અને કઈ સંસ્થાને કેટલી રકમ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ - ૨૦૦૯ હેઠળ ગેરકાયદે રીતે ચુકવાઈ હોવાનું સામે આવ્યું,

(3) ઉક્ત સ્થિતિએે તે અનૂવયે કોની સામે શાં પગલાં લીધાં, અને

(૪) તે પૈકી કેટલી રકમ કોની પાસેથી પરત વસુલવામાં આવી અને કોની પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે?

----

## પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય

15/4/1746 *23 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસૂચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

## વલસાડ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી

15/4/1757 *24 **શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન

15/4/1775 *25 **શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) કુલ કેટલા પશુપાલકોએ ઉક્ત શિબિરોનો લાભ લીધો?

----

## આમોદ તાલુકામાં દૂધ સંજીવની યોજનાનો અમલ કરવા બાબત

15/4/2126 *26 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આમોદ તાલુકામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો ના, તો ઉક્ત તાલુકામાં ઉક્ત યોજનાનો અમલ કરવાનું સરકારનું કોઈ આયોજન છે?

----

## મહીસાગર અને દાહોદ જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ

15/4/2374 *27 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહીસાગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકંત સ્થિતિએ ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવાનું આયોજન છે ?

----

## દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓનિ વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના

15/4/1783 *28 **શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓનિ વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓનિ શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## અમદાવાદ શહેરની શાળાઓની ફી મંજૂરી બાબત

15/4/2355 *29 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ ઝોનની ફી નિર્ધારણ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમદાવાદ શહેરની કેટલી શાળાઓની ફી મંજૂર કરવાની બાકી છે,

(૨) ઉકત ફી મંજૂર કરવાની બાકી રહેવાના કારણો શાં છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત બાકી શાળાઓની ફી કયાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ?

----

## મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ

15/4/2349 *30 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત

કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને કેટલી ગ્રાન્ટ ફાળવી,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) ઉક્ત વર્ષવાર જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

----

**પંચમહાલ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી**

15/4/1769 *31 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(2) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

**જૂનાગઢ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

15/4/1776 *32 **શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

**જૂનાગઢ જિલ્લામાં પશુ આરોગ્યમેળાનું આયોજન**

15/4/1780 *33 **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કેટલા પશુ આરોગ્યમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) તેમાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

----

**રાજ્યમાં જ્ઞાન સહાયક(માધ્યમિક) યોજના હેઠળ ભરાયેલ જગ્યાઓ**

15/4/2360 *34 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જ્ઞાન સહાયક(માધ્યમિક) યોજના હેઠળ કેટલી જગ્યાઓ ભરવા માટે કેટલા ઉમેદવારોને નિમણુંક આપવામાં આવી.

(૨) ઉકત નિમણુંક આપેલ જ્ઞાન સહાયકોને માસિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે,

(3) ઉકત જ્ઞાન સહાયકોને માસિક વેતન સમયસર મળતું નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૪) જો હા, તો ઉકત ફરીયાદ નિવારવા શા પગલાં લેવામાં આવ્યા ?

----

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના**

15/4/2366 *35 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત ટાસ્ક ફોર્સની રચના કયારે કરવામાં આવેલ છે,

(૩) ઉકત સ્થિતિએ ટાસ્ક ફોર્સમાં કયા પદાધિકારી અને અધિકારીઓનો સમાવેશ થયેલ છે, અને

(૪) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉકત ટાસ્ક ફોર્સ દ્વારા કયા પ્રકારનું માર્ગદર્શન પુરૂ

પાડવામાં આવ્યું ?

----

## રાજકોટ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/4/1779 *36 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય

15/4/1786 *37 **ડૉ.દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસૂચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ યોજના

15/4/1756 *38 **શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર (પાલનપુર):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજની યોજનામાં સરકાર દ્વારા સહાય આપવામાંં આવે છે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

**મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ**

15/4/2050 *39 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે, અને

(૨) ઉક્ત ઓરડાઓની ઘટ પૂરી કરવાનું શું આયોજન છે ?

----

**સુરત જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી**

15/4/1760 *40 **શ્રી મનુભાઈ એમ. પટેલ (ઉધના):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

**રાજ્યમાં બિનસરકારી બિનઅનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સળંગ એકમની દરખાસ્તો**

15/4/1753 *41 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ- ૨૦૨૩-૨૪થી બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સળંગ એકમની કેટલી દરખાસ્તો મળી, અને

(૨) કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સળંગ એકમની મંજૂરી આપવામાં આવી?

----

## જામજોધપુર અને લાલપુર તાલુકામાં સરકારી પ્રાથમિક શાળાઓના જર્જરિત બિલ્ડીંગ

15/4/2398 *42 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામજોધપુર અને લાલપુર તાલુકામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓના બિલ્ડીંગ જર્જરિત હાલતમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓનું નવીનીકરણ કરવાનું કોઈ આયોજન છે કે કેમ?

----

## અરવલ્લી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/4/1771 *43 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(2) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## ભરૂચ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/4/1762 *44 **શ્રી રીતેશકુમાર રમણભાઈ વસાવા (ઝઘડીયા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(2) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/4/1778 *45 **શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર (દસાડા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ફ્રી શીપ કાર્ડ યોજના

15/4/2345 *46 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ખાનગી કોલેજોમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે તેમાં વિદ્યાર્થીઓના વાલીની આવક કેટલી ક્યારથી નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત આવક મર્યાદા વધારવાની કાર્યવાહી કયા તબક્કે છે ?

----

## નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ

15/4/1784 *47 **શ્રી આર.સી.પટેલ (જલાલપોર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ઉક્ત યોજના અંતર્ગત કેટલી સહાય

ચૂકવવામાં આવી?

----

## રાજ્યમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો અમલ

15/4/2370 *48 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષથી રાજ્યમાં ખરીફ અને રવી સીઝનમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો અમલ કરવામાં નથી આવતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) ખેડૂતોને પાક વીમાનું રક્ષણ મળી રહે તે માટે શું આયોજન કરવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ખેડૂત અકસ્માત વીમા યોજના

15/4/1851 *49 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠ જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી ?

(૨) તે અન્વયે કેટલી અરજીઓનો નિકાલ કરી સહાય ચુકવાઈ, અને

(૩) ઉક્ત બાકી રહેતી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવાનું આયોજન છે?

----

## પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા ફાળવેલ રકમ

15/4/2346 *50 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓને સફાઈ માટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે,

(૨) ઉકત દરો ક્યારથી અમલમાં છે, અને

(૩) ઉકત દરોમાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો ?

----

## રાજ્યની એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણુંક

15/4/2354 *51 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ કઈ એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણુંક થયેલ છે અને કઈ યુનિવર્સિટીઓમાં બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ લોકપાલની નિમણુંક ન થતાં રાજ્યની કઈ યુનિવર્સિટીને યુજીસી દ્વારા ડિફોલ્ટર જાહેર કરવામાં આવી, અને

(3) ઉક્ત બાકી યુનિવર્સિટીઓમાં કયાં સુધીમાં લોકપાલની નિમણુંક કરવામાં આવશે ?

----

## બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ

15/4/2375 *52 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(3) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવાનું આયોજન છે ?

----

## ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક

15/4/2361 *53 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો-૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એકવાર મળવી જોઈએ, તે

હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે,

(૩) ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને

(૪) ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

----

## છોટાઉદેપુર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના

15/4/1782 *54 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓનિ શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ઉક્ત યોજના અંતર્ગત કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## અમદાવાદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા

15/4/2383 *55 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ છે અને કેટલી શાળાઓમાં ઉપલબ્ધ નથી,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉપ્લ્બ્ધ કોમ્પ્યુટર લેબ પૈકી કેટલી લેબ કાર્યરત છે અને કેટલી લેબ બંધ હાલતમાં છે, અને

(૩) ઉક્ત લેબ બંધ હોવાના શાં કારણો છે અને આવી કોમ્પ્યુટર લેબ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

----

**કચ્છ જિલ્લામાં પશુ દવાખાનાઓ મંજૂર કરવા બાબત**

15/4/2217 *56 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા પશુ દવાખાનાઓ શરૂ કરવા માટે દરખાસ્તો આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા દવાખાના મંજૂર કરવામાં આવ્યા?

----

**છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ દાવાઓ**

15/4/1949 *57 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ કેટલા દાવાઓ મળેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા દાવાઓ મંજૂર કરી સનદો આપવામાં આવી, અને

(૩) બાકી દાવાઓ મંજૂર થયેલા હોવા છતાં સનદો આપવામાં આવી નથી તે હકીકત સાચી છે, અને

(૪) જો હા, તો તેના કારણો શાં છે?

----

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ**

15/4/2365 *58 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવાનું આયોજન છે ?

----

## મહીસાગર અને આણંદ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટબ ખરીદી માટે સહાય

15/4/2376 *59 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યના ખેડૂતોને ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર(ટબ)ની ખરીદી માટે સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૧-૨૨થી અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ મહીસાગર અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૩) ઉક્ત મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

----

## અમદાવાદ શહેર અને જિલ્લામાં અભ્યાસક્રમની પરવાનગી વગર ચાલતી ખાનગી પ્રાથમિક શાળાઓ

15/4/2359 *60 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં અભ્યાસક્રમની પરવાનગી વગર ચાલતી કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ પકડવામાં આવી,

(૨) ઉક્ત શાળાઓ ક્યારથી કાર્યરત હોવાનું સામે આવ્યું,

(૩) ઉક્ત શાળાઓમાં ધોરણવાર કેટલા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવતો હતો, અને

(૪) પરવાનગી વગર શાળાઓ ન ચાલે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

----

## રાજ્યમાં જ્ઞાન સહાયક(માધ્યમિક) યોજના હેઠળ ઉમેદવારોને નિમણુંક

15/4/2351 *61 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જ્ઞાન સહાયક(માધ્યમિક) યોજના હેઠળ કેટલી જગ્યાઓ ભરવા માટે કેટલા ઉમેદવારોને નિમણુંક આપવામાં આવી.

(૨) ઉક્ત નિમણુંક આપેલ ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારો હાજર થયા,

(૩) ઉક્ત હાજર થયેલા ઉમેદવારો પૈકી કેટલાએ ઉક્ત સ્થિતિએ નોકરી છોડી દીધી, અને

(૪)ઉક્ત જ્ઞાન સહાયકોને માસિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે?

----

## સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અંતર્ગત મળેલ રકમ

15/4/2362 *62 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત ભારત સરકાર તરફથી કેટલી રકમ મળી,

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(3) ઉક્ત રકમ વણવપરાયેલી રહેવાના કારણો શાં ં છે ?

----

## રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં આચાર્યોને મુખ્ય શિક્ષક એલાઉન્સ પેટે રકમ

15/4/2368 *63 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં આચાર્યોને મહિને મુખ્ય શિક્ષક એલાઉન્સ પેટે કેટલી રકમ આપવામાં આવે છે,

(૨) ઉક્ત દરો ક્યારથી અમલમાં છે, અને

(3) ઉકત સ્થિતિએ ઉકત દરોમાં છેલ્લે કયારે કેટલો વધારો કરવામાં આવેલ?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

15/4/2399 *64 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૯૭૯ (અગ્રતા-૮) ના અનુસંધાને માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં તાલુકાવાર ૫૪ સરકારી શાળાઓમાં માત્ર એક જ શિક્ષક હતા તે હકીકત તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાચી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં હાલ કેટલા શિક્ષકો છે?

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ પર શિક્ષકોની નિમણુંક ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે?

----

## ગીર સોમનાથ જિલ્લામાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અન્વયે બાકી પ્રિમિયમ

15/4/2372 *65 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખરીફ-૨૦૧૯ના વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ખેડૂતોએ કેટલી રકમનું વિમા પ્રિમિયમ ખાનગી વીમા કંપનીઓને ભરેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉકત વર્ષના વિમા પેટે ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચુકવવાની બાકી છે,

(૩) ઉકત રકમ ચૂકવવાની બાકી રહેવાના કારણો શા છે, અને

(૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

----

## રાજ્યમાં પશુધન નિરીક્ષક વર્ગ-૩ ની જગ્યાઓ

15/4/2348 *66 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પશુધન નિરીક્ષક વર્ગ-૩ની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સંવર્ગની કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગની ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે?

----

## અમદાવાદ મહાનગરપાલિકાની ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આનુષંગિક ખર્ચ ચૂકવણી સહાય બાબત

15/4/2384 *67 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આર.ટી.ઈ એક્ટ-૨૦૦૯ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા આનુષંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે?

(૨) ઉક્ત યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં અમદાવાદ મહાનગરપાલિકા માટે કેટલા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવેલ છે અને કેટલા વિદ્યાર્થીઓને આવરી લેવાના બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આનુષંગિક ખર્ચની ચૂકવણીની રકમ વધારવા સરકારને કોઈ રજૂઆત મળેલ છે કે કેમ?

----

## કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓ મંજૂર કરવામાં બાબત

15/4/2218 *68 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નવી સરકારી પ્રાથમિક શાળા બનાવવા માટે કેટલી દરખાસ્તો આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી શાળાઓ મંજૂર કરવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ જિલ્લાકક્ષાની કમિટીની બેઠકો

15/4/1948 *69 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ જિલ્લાકક્ષાની કમિટીની બેઠકો ક્યારે મળી,

(૨) ઉક્ત સ્થિતિએ કમિટિએ વર્ષવાર કેટલા દાવાઓનો નિકાલ કર્યો અને કેટલા દાવાઓ પડતર રહયા, અને

(૩) ઉક્ત કમિટીની બેઠકો બોલાવવાના ધોરણો શા છે ?

----

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લમાં ખેડૂતોને ડ્રમ અને ટબ ખરીદી માટે સહાય

15/4/2367 *70 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યના ખેડૂતોને ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર(ટબ)ની ખરીદી માટે સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૧-૨૨થી અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૩) ઉક્ત મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

----

## રાજ્યમાં જળાશયોમાં મત્સ્યોદ્યોગ માટેના પરવાના

15/4/2353 *71 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ડેમો/જળાશયોમાં મત્સ્યોદ્યોગ માટેના પરવાના/કોન્ટ્રાક્ટ અપાયેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ ?

----

## પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલા માછીમારોના કુટુંબ માટે સહાય

15/4/2364 *72 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પાકિસ્તાનની તંત્ર દ્વારા પકડાયેલા ગુજરાતી માછીમારોના કુટુંબના જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે,

(૩) ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમાર કુટુંબોને સહાય ચૂકવવામાં આવી ?

----

## રાજ્યમાં શિક્ષણ વિભાગ હસ્તકની સૈનિક શાળાઓ

15/4/2371 *73 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં શિક્ષણ વિભાગ હસ્તકની સૈનિક શાળાઓ કેટલી છે,

(૨) ઉક્ત કઈ શાળા ક્યારથી કાર્યરત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં શાળાવાર કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

----